ફોન :-
પાટણ : ૨૩૦૦૬૮/૨૨૦૨૨૮
ફેકસ : ૨૨૧૩૭૯
અમદાવાદ : ૨૭૫૪૪૫૪૧
ઉંઝા : ૨૩૫૪૧૯
હારીજ : ૨૨૨૪૦૪

DPT 1966

**ડી. પી. ઠક્કર એન્ડ કું.**
**ડી. પી. ઠક્કર એન્ડ બ્રધર્સ**
**ટેક્ષ કન્સલટન્ટસ**
'શ્રીકુંજ', સ્ટેશન રોડ, પાટણ.

તા. ૨૧-૦૨-૨૦૧૩

ભાઈશ્રી,

ચાલુ નાણાંકીય વર્ષ સને ૨૦૧૨-૧૩ નો ઈન્કમટેક્ષ એડવાન્સટેક્ષ નો છેલ્લો હપ્તો **તા. ૧૫-૦૩-૨૦૧૩ પહેલાં ભરવાનો છે.**

(૧) અંગત, H.U.F કે ભાગીદારી પેઢી જેને પણ તેમની ચાલુ વર્ષની આવકનો ભરવાપાત્ર ઈન્કમટેક્ષ (T.D.S બાદ કર્યા પછી) રૂા. ૧૦,૦૦૦/- થી વધતો હોય તો એડવાન્સટેક્ષ ભરવો પડે.

(૨) એટલે દરેક વેપારી એ પોતાની પેઢીની તથા ભાગીદારોની ચાલુ વર્ષની અંદાજીત આવક, મજરે લેવાની T.D.S ની રકમ, ભરેલ LIC, PPF, NSC, મેડીક્લેમ વિગેરેની વિગતો તથા ભરેલ એડવાન્સટેક્ષની વિગત અમને તા. ૧૦-૦૩-૨૦૧૨ સુધીમાં મોકલવી જેથી એડવાન્સટેક્ષના ચલણો મોકલી શકાય.

(૩) **અંગત તથા H.U.F માટે ચાલુ વર્ષના ઈન્કમટેક્ષના દર નીચે મુજબ છે.**

૧) ૬૦ વર્ષ સુધીના દરેક સ્ત્રી/પુરૂષને............... રૂા. ૨,૦૦,૦૦૦/- સુધી માફ
૨) ૬૦ થી ૮૦ વર્ષ સુધીના સ્ત્રી/પુરૂષને........... રૂા. ૨,૫૦,૦૦૦/- સુધી માફ
૩) ૮૦ વર્ષથી વધુ ઉંમરના સ્ત્રી/પુરૂષને............ રૂા. ૫,૦૦,૦૦૦/- સુધી માફ
૪) H.U.F ને......................... રૂા. ૨,૦૦,૦૦૦/- સુધી માફ
૫) ઉપર મુજબ બેઝીક માફીની રકમ પછી — ભરવાપાત્ર ટેક્ષ
રૂા. ૫,૦૦,૦૦૦ સુધીની આવક ઉપર.............................. ૧૦% પ્રમાણે
૬) રૂા. ૫,૦૦,૦૦૦ થી રૂા. ૧૦,૦૦,૦૦૦ ની આવક સુધી.......... ૨૦% પ્રમાણે
૭) રૂા. ૧૦,૦૦,૦૦૦ ઉપરની બધી આવક ઉપર...................... ૩૦% પ્રમાણે

(૪) ભાગીદારી પેઢીને ધંધાના તમામ ખર્ચ તથા ભાગીદારોની મૂડીનું ૧૨% સુધીનું વ્યાજ બાદ કર્યા પછી જે બુક પ્રોફીટ બાકી વધે તેમાંથી ભાગીદારી દસ્તાવેજમાં જોગવાઈ કરેલ હોયતો વર્કીંગ પાર્ટનરોનો પગાર નીચે મુજબ બાદ મળે.

૧) રૂા. ૧,૫૦,૦૦૦/- સુધીના નફા ઉપર ......................... ૧૦૦% પગાર
૨) નફો રૂા. ૧,૫૦,૦૦૦/- થી વધારે હોય અને રૂા. ૩,૦૦,૦૦૦/- સુધી હોય તો ............. કુલ નફાના ૯૦% પગાર
૩) રૂા. ૩,૦૦,૦૦૦/- ઉપરની નફાની રકમ ઉપર ............................................................ ૬૦% પગાર

(૫) અંગત તથા H.U.F ને LIC, PPF, NSC, હાઉસીંગ લોન હપ્તાનું મુદ્દલ વિગેરે રૂા. ૧,૦૦,૦૦૦/- સુધી બાદ મળે છે. મેડીક્લેમ વીમો રૂા. ૧૫,૦૦૦/- સુધી અને હાઉસીંગ લોન નું વ્યાજ રૂા. ૧,૫૦,૦૦૦/- સુધી બાદ મળે છે.

(૬) **વ્યાજકપાત માફી નાં Form 15G/15H**
રૂા. ૫૦૦૦/- થી વધુ નું વ્યાજ અંગત કે H.U.F ને વ્યાજ કપાત કર્યા વગર ચુકવવું હોય તો વ્યાજ મેળવનારે FORM 15G કે 15H આપવું પડે આ અંગેની કેટલીક જરૂરી માહીતી નીચે મુજબ છે.

(૧) તાજેતરમાં જ આ બંને ફોર્મ બદલી નાંખેલ છે. એટલે અગાઉ આપતા હતા તે ફોર્મ હવે નહીં ચાલે.
(૨) સિનિયર સિટીઝન FORM 15H તથા અન્ય વ્યક્તિઓ અને H.U.F. એ FORM 15G આપવું પડે.
(૩) જેમની કુલ આવક ટેક્ષેબલ લીમીટ થી ઓછી હોય અને વ્યાજની રકમ પણ ટેક્ષેબલ લીમીટથી ઓછી હોય તેજ આ ફોર્મ આપી શકે.

P.T.O.

अन्तर्देशीय पत्र कार्ड
INLAND LETTER CARD



पिन PIN

दूसरा मोड़ SECOND FOLD

इस पत्र के अन्दर कुछ न रखें NO ENCLOSURES ALLOWED
पते में पिन कोड लिखें WRITE PIN CODE IN ADDRESS
प्रेषक का नाम और पता :— SENDER'S NAME AND ADDRESS :—

ડી. પી. ઠક્કર એન્ડ કું.
"શ્રીકુંજ", સ્ટેશન રોડ, પાટણ. (ઉ.ગુ.)
૩૮૪૨૬૫
पिन PIN


PHILATELY: KING OF HOBBIES
CONTACT:
Nearest Philatelic Bureau
COLLECT
INDIA POSTAGE STAMPS


पहला मोड़ FIRST FOLD

(૪) આ ફોર્મ આપનારે ફોર્મ માં નીચેની વિગતો આપવાની રહેશે.
નામ, પુરૂ સરનામું, ઉંમર, PAN NO., કયા વોર્ડમાં રીટર્ન ભરોછો, છેલ્લું કયા વર્ષનું રીટર્ન ભર્યુ છે, ડીવીડન્ડની કેટલી આવક છે, મ્યુ. ફંડની આવક કેટલી?, ધંધો કરતા હોય તો ધંધાનું નામ શું છે ?, ચાલુ વર્ષની કુલ આવક કેટલી ?

(૫) આવું ફોર્મ મેળવનાર પેઢીઓ ફોર્મની સાથે પોતાના ચોપડેથી ફોમ આપનારનો ખાતાનો ઉતારો ૩ કોપીમાં, પેઢીનો ટેલીફોન નંબર, પેઢીનો PAN/TAN આપવાના રહેશે.

એટલે ૩૧-૩-૨૦૧૩ ના રોજ વ્યાજ ચુકવો તેમાં જેના FORM 15G/15H લેવાના હોય તેમની ઉપર મુજબની વિગત અમને તા. ૨૫-૩-૨૦૧૩ સુધીમાં મોકલવી જેથી FORM તૈયાર કરીને સહીમાં મોકલી શકાય

કુશળ હશો.

લી.
ધીરૂભાઈ - કનુભાઈ
વિપુલભાઈ - નીખીલભાઈ